# ૭, ઓગષ્ટ–૨૦૧૫ (શુક્રવાર)

## (૧) રાષ્ટ્રીય હાથશાળ દિવસ.

– પહેલા હેન્ડલુમ દિવસની રાષ્ટ્રીય કક્ષાની ઉજવણી વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં મદ્રાસ યુનિવર્સિટી, ચેન્નઇ (તમિલનાડુ) ખાતે થઇ.
– આ પ્રસંગે વડાપ્રધાનના હસ્તે સંત કબીર એવોર્ડસ અને નેશનલ એવોર્ડસનું વિતરણ કરાયું.
– વડાપ્રધાને વઢવાણની મહિલા કંચનબેનને પટોળાં માટે સંતકબીર નેશનલ એવોર્ડ એનાયત કર્યો હતો.

## (૨) શિશુ અને બાલ આહાર સપ્તાહ :–

– ભારત સરકારના સ્વાસ્થય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા ૩ થી ૮ ઓગષ્ટ–૨૦૧૫ને શિશુ અને બાલ આહાર સપ્તાહ તરીકે ઉજવાઈ રહ્યું છે.
– પહેલા પાંચ વર્ષમાં બાળકનું પોષણ ખૂબ જ મહત્વપૂર્ણ છે અને એ પોષણયુક્ત આહાર મળી રહે તે હેતુથી આ સપ્તાહ ઉજવાઇ રહ્યું છે.

## (૩) ગરીબ કલ્યાણ મેળા : ૮ મો તબક્કો :–

– રાજ્યમાં ૭ થી ૯ ઓગષ્ટ અને ૨૧ થી ૨૩ ઓગષ્ટ સુધી એમ બે તબક્કામાં ૧૨૮ ગરીબ કલ્યાણ મેળા યોજાશે.
– ૭ થી ૯ ઓગષ્ટ દરમિયાન ત્રણ જિલ્લા આણંદ, ડાંગ અને ખેડામાં ગરીબ કલ્યાણ મેળા યોજાશે.
– ૧૩ લાખ લાભાર્થીઓને અંદાજીત રૂા. ૧૬૬૪ કરોડની સહાય, જેમાં
  – ૧ લાખ સ્વરોજગાર કીટનું વિતરણ
  – સરસ્વતી સાધના યોજના હેઠળ ૨ લાખ સાયકલોનું વિતરણ
  – આવાસ યોજનાઓ હેઠળ ૧.૩૫ લાખથી વધુ લાભાર્થીઓને મકાન બાંધકામ સહાય.
– અત્યાર સુધીમાં ૭ તબક્કામાં ૧૨૨૫ ગરીબ કલ્યાણ મેળા દ્વારા ૮૯.૪૮ લાભાર્થીઓને રૂા. ૧૩૩૮૮ કરોડની સીધી સહાય રાજ્ય સરકાર દ્વારા અપાઇ છે.

## (૪) ફિલિપ ન્યુસી :–

રિપબ્લિક ઓફ મોઝામ્બિકના રાષ્ટ્રપ્રમુખ ફિલિપ ન્યુસી બે દિવસના ગુજરાતના પ્રવાસે આવ્યા.
– ફિલિપ ન્યુસી IIM-A ના પૂર્વ વિદ્યાર્થી છે.

## (૫) સ્ટુઅર્ટ બ્રોડ :– ક્રિકેટર :

– તાજેતરમાં રમાઇ રહેલી ઓસ્ટ્રેલિયા–ઇંગ્લેન્ડ એશિઝની ચોથી ટેસ્ટમેચમાં બ્રોડે પોતાનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરતાં ૧૫ રનમાં ૮ વિકેટ ઝડપતાં ઓસ્ટ્રેલિયાને ૬૦ રનમાં ઓલઆઉટ કર્યું હતું.
– બ્રોડે આ જ મેચમા ૩૦૦ વિકેટ ઝડપવાની સિધ્ધિ નોંધાવી હતી.
– ઇંગ્લેન્ડ તરફથી ૩૦૦ વિકેટ ઝડપનાર બ્રોડ પાંચમો ખેલાડી બન્યો હતો.

## (૬) ફોર્બ્સ દ્વારા ટેકનાલોજી ક્ષેત્રના અબજોપતિની યાદી :–

– તાજેતરમાં પ્રખ્યાત મેગેઝિન ફોર્બ્સ દ્વારા ટેકનાલોજી ક્ષેત્રના ૧૦૦ સૌથી ધનવાન લોકોની યાદી તૈયાર કરાઇ
– આ યાદીમાં ૭૯.૬ અબજ યુએસ ડોલરની નેટવર્થ ધરાવતાં બીલ ગેટ્સ પ્રથમ સ્થાને છે.
– જ્યારે ઓરેકલના ફાઉન્ડર લેરી એલિસન બીજા, એમઝોનના સ્થાપક જેસ્મ બેઝોસ ત્રીજા, ફેસબુકના સ્થાપક માર્ક ઝુકર્બંગ ચોથા, ગુગલના સ્થાપક લેરી પેજ અને સર્જે બ્રિન અનુક્રમે પાંચમાં અને છઠ્ઠા સ્થાને આવે છે.

## (૭) રાજ્યમાં સ્થાનીક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીમાં ફરજીયાત મતદાનના નિતિ નિયમો જાહેર :–

– આ નિયમો મુજબ મતદાન નહીં કરનાર મતદારને ૧૦૦ રૂા.નો દંડ કરવાની જોગવાઈ રાખી છે.
– આ સાથે અમુક સંજોગોમાં મુક્તિ મળશે જે નીચે મુજબ છે.
  (૧) માંદગી કે અન્ય કોઇ શારીરિક નબળાઇને કારણે મતદાન કરવા સક્ષમ ન હોય તેવી વ્યક્તિ
  (૨) મતદાનની તારીખે ગુજરાત કે દેશની બહાર હોય તેવી વ્યક્તિ
  (૩) માંદગીના કારણોસર હોસ્પિટલમાં ઇનડોર પેશન્ટ તરીકે દાખલ હોય
  (૪) ૭૫ ટકાથી વધુ વિકલાંગતા ધરાવનાર મતદારો.
  (૫) મતદાનના દિવસે શૈક્ષણિક, એન્ટ્રેન્સ કે રોજગારીને લગતી પરીક્ષા હોય.
  (૬) ૭૫ વર્ષ કે તેથી વધુ વયના મતદારો હોય
  (૭) મૃત્યુ કે લગ્ન જેવા પ્રસંગ હોય જેમાં માતા–પિતા, દાદા–દાદી, ભાઇ–બહેન, પતિ–પત્નિ, સાસુ–સસરા,

પુત્ર-પુત્રી, પૌત્રો-પૌત્રીઓનો સંબંધ પ્રસ્થાપિત થતો હોય તેવા કિસ્સામાં.

(૮) ધંધા વ્યવસાય કે શૈક્ષણિક કારણોસર ચૂંટણીની તારીખ અગાઉના છ મહિનામાં અન્ય સ્થળે સ્થળાંતરિત થયા હોય તેવા મતદારો.

(૯) રાજ્ય, કેન્દ્ર સરકાર, બોર્ડ નિગમ કે ખાનગી કંપનીના કર્મચારીઓની બદલી થઇ હોય તેવા કિસ્સામાં છૂટછાટ મળશે.

(૧૦) સક્ષમ અધિકારીને યોગ્ય જણાય તે ઉપરોક્ત સિવાયના કારણો.

- મતદાન નહીં કરનાર મતદારોને તેમને આપેલા કારણો વ્યાજબી નહીં જણાય તો સક્ષમ અધિકારી તેમને ડિફોલ્ટર જાહેર કરશે.
- આ હુકમની સામે મતદાર અપીલમાં પણ જઇ શકશે.

## (૮) ફિફા રેન્કિંગ :-

- તાજેતરમાં ફિફા દ્વારા જાહેર કરાયેલા રેન્કિંગમાં ભારતીય ફૂટબોલ ટીમ ૧૫૬માં ક્રમાંકે છે.
- જ્યારે વર્લ્ડ ચેમ્પિયન જર્મની ત્રીજા ક્રમાંકે સરકી ગયું છે.

## (૯) દૈનિક ભાસ્કરની ૬૧મી આવૃત્તી :-

- દૈનિક ભાસ્કરની ૬૧મી મુજફ્ફરપુર (બિહાર)ની આવૃત્તીનો ૮ ઓગષ્ટથી પ્રારંભ થશે.

## (૧૦) વર્લ્ડ સ્વિમિંગ ચેમ્પિયનશીપ :-

- પુરૂષોની ૨૦૦ મીટર ઇન્ડિવિડ્યુઅલમાં અમેરિકાના લેજન્ડરી સ્વિમર રાયન લોકટેએ ગોલ્ડ મેડલ મેળવ્યો.
- રાયને સળંગ ચાર વર્લ્ડ ચેમ્પિયનશીપમાં એક જ ઇવેન્ટમાં ગોલ્ડ જીતવાની સિધ્ધિ મેળવી.
- જ્યારે અમેરિકાની સ્વિમર કેટી લેડેસ્કીએ ૪ બાય ૨૦૦ મીટર ફ્રિસ્ટાઇલ ટીમમાં ગોલ્ડ જીતી કઝાન વર્લ્ડ ચેમ્પિયનશીપમાં પોતાના ચાર ગોલ્ડ મેડલ નોંધાવ્યા.

વિવેકાનંદ એકેડમી (સે.૨૨) મો.૯૯૨૫૬૯૮૭૨૧